UNITE FOR GOOD

Rotary
Surendranagar, District 3060

Team Achievers

Charter NO : 15139 | RI DISTRICT: 3060 | CHARTER DATE: 29/05/1955

YEAR-71

# ઉદગામ

DEC. 25




RI PRESIDENT:RTN. FRANSESCO AREZZO
DG: RTN. AMARDEEP BUNET
CLUB PRESIDENT: RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## સોલાર વોટર હિટર (સોલાર પેનલ)

**પ્રોજેક્ટ : સોલાર વોટર હીટર કેમ્પ** **તારીખ : ૩-૧૨-૨૦૨૫**
**સ્થળ : ચાવડા આશ્રમ શાળા, ધ્રાંગધ્રા**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં ધાંગધ્રા નજીક ચાવડા ગામમાં સ્થિત આશ્રમ શાળામાં ૫૦૦ લિટર ક્ષમતા ધરાવતા ચાર સોલાર વોટર હિટર ઈનસ્ટોલ કર્યા હતા. આ હોસ્ટેલમાં ૧૬૦ વિદ્યાર્થીઓ રહે છે.

આ આશ્રમમમાં મોટાભાગના બાળકો આર્થિક રીતે નબળા પરિવારો માંથી આવે છે તથા ઘણા બાળકો અનાથ છે આ બાળકોના રહેવા અને શિક્ષણ માટે સંપૂર્ણપણે હોસ્ટેલની સુવિધા પર આધાર રાખવામાં આવે છે.

અગાઉ હોસ્ટેલમાં રોજ પાણી ગરમ કરવા માટે લાકડું કાપવું પડતું હતું અને પરંપરાગત ચુલા પર આધાર રાખવો પડતો હતો. આ પ્રક્રિયા બાળકો માટે જોખમી બની હતી.

હાલમાં હોસ્ટેલમાં બાળકો સવારના સમયમાં ગરમ પાણીનો યોગ્ય અને સરળ ઉપયોગ કરી રહ્યા છે, સુવિધા મળી રહી છે અને તેમનું આરોગ્ય પણ વધુ સારી રીતે જળવાઈ રહ્યું છે.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Meeting - 15 (Business Meeting)

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. અર્પૂવ શેઠ
સુવિચાર : રો. કમલેશ રાવલ
ગ્રીટીંગ્સ્ : રો. સિધ્ધેશ મહેતા

ફોરવે ટેસ્ટ : રો. હર્ષ મહેતા
એટેન્ડન્સ : રો. ઉદય રાવલ
તા. ૩-૧૨-૨૦૨૫, બુધવાર

એસે (નિબંધ) સ્પર્ધા વિશેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા કરવામાં આવી હતી. સાવડા સોલાર વોટર હિટર પ્રોજેક્ટનો અહેવાલ તેમજ લખતર આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પનો અહેવાલ પ્રેસિડન્ટ રો.હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

રસોઈ સ્પર્ધા વિશે રો. પ્રે. હિરેન શાહ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. હસ્તકલા હાર્ટ વિશેની માહિતી તથા અન્નપૂર્ણા પ્રોજેક્ટનો અહેવાલ રો. પ્રે. હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

રજવાડું હોટલ ખાતે ફેલોશીપ રાખવામાં આવી હતી તેનો અહેવાલ રો. કમલેશ રાવલ દ્વારા આપવામાં આવેલ હતો.






## આઈ ચેક અપ તથા એનિમિયા કેમ્પ

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ અને એનિમિયા કેમ્પ** **તારીખ : ૬-૧૨-૨૦૨૫**
**સ્થળ : મુ. લીલાપુર, તા. લખતર**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવેલ.

લીલાપુર ગામ ખાતે આવેલી શાળામાં બાળકોના સ્વાસ્થ્ય માટે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ આ બન્ને કેમ્પ કરવામાં આવ્યા.

આઈ ચેક અપ કેમ્પ દરમિયાન તમામ વિદ્યાર્થીઓની આંખોની તપાસ નિષ્ણાંત ડોકટરો દ્વારા કરવામાં આવી. જેમા દુર - નજીકના નંબર ચકાસવામાં આવ્યા. જે બાળકોને ચશ્માના નંબર જણાવવામાં આવ્યું તેમને નંબરવાળા ચશ્મા નિઃશુલ્ક માં આપવામાં આવ્યા. આ કેમ્પના આયોજનથી ઘણા બાળકોને ખુબ લાભ થયો છે કેટલાક બાળકોને નજીક કે દૂરના નંબર હોવા છતા તેમને તેની ખબર નહોતી એટલુ જ નહિ તેમના માતા-પિતાને પણ આ સમસ્યાની જાણ નહોતી પરંતુ આ કેમ્પ દરમિયાન તપાસ થતા બાળકોને તેમની આંખની સ્થિતિ અંગે માહિતી મળી સાથે જ માતા-પિતાઓ પણ જાગૃત બન્યા તથા બાળકોના આરોગ્ય પ્રત્યે પણ જાગૃત બન્યા તેમજ બાળકોના આરોગ્ય પ્રત્યે વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું.

એનિમિયા અંતર્ગત લોહીની ઉણપ હિમોગ્લોબીન કૃમિ કે લોહી વિકારની તપાસ કરવામાં આવી હીત. કેમ્પ દરમિયાન નિષ્ણાંત ડોકટર તથા મેડિકલ ટીમ હાજર હતી.

સૌ પ્રથમ હાજર રહેલા બાળકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું તથા બ્લડ સેમ્પલ લઈ હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યો. બ્લડ ટેસ્ટના પરિણામ મુજબ જેમને એનિમિયાની સમસ્યા જોવા મળી તેમને જરૂરી સલાહ આપવામાં આવી તેમજ આર્યન સમૃધ્ધ આહાર વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે કેટલાક બાળકોને આયર્ન ટેબ્લેટ તથા જરૂરિયાત મુજબ ફોલિક એસિડ ટેબ્લેટ પણ આપવામાં આવી આ બન્ને કેમ્પના લાભાર્થી ર૬૦ વિદ્યાર્થીઓ હતા આ બન્ને કેમ્પ દ્વારા વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધતી જોવા મળી.






## આઈ ચેક અપ તથા એનિમિયા કેમ્પ

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ અને એનિમિયા કેમ્પ** **તારીખ : ૮-૧૨-૨૦૨૫**

**સ્થળ : રાણાગઢ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવેલ.

આ બન્ને કેમ્પ નિષ્ણાંત ડોકટરો તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવે છે. આઈ ચેક-અપ કેમ્પમાં આંખોની સંપૂર્ણ તપાસ કરી હતી. તપાસ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓને દૂર પડેલી વસ્તુઓ ન દેખાવી, આંખોમાં પાણી આવવું, માથાનો દુઃખાવો, ચશ્માનાં નંબરની જરૂરિયાત જેવી સમસ્યાઓ જણાઈ જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને નિઃશુલ્ક નંબરવાળા ચશ્મા આપવામાં આવ્યા.

એનિમિયા કેમ્પ અંતર્ગત લોહીની ઉણપ, હિમોગ્લોબીન, કૃમિ કે લોહી વિકાની તપાસ કરવામાં આવી. વિદ્યાર્થીઓનું બ્લડ સેમ્પલ લઈને હિમોગ્લોબીન લેવલ ચકાસવામાં આવ્યું હતું. જેમને હિમોગ્લોબીન ઓછુ હતું તેમને આર્યન ટેબલેટ તથા ફોલિક એસિડ તથા યોગ્ય આહારની સુચનાઓ આપવામાં આવી હતી.

આ બન્ને કેમ્પમાં ૩૫૦ વિદ્યાર્થીઓ એ લાભ લઘો હતો, આ કેમ્પથી ઘણા વિદ્યાર્થીઓને પહેલીવાર પોતાની આંખોની સ્થિતી અને હિમોગ્લોબીનનું સ્તર જાણવા મળ્યું હતું.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## આઈ ચેક અપ તથા એનિમિયા કેમ્પ

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ અને એનિમિયા કેમ્પ** **તારીખ : ૯-૧૨-૨૦૨૫**

**સ્થળ : આશ્રમશાળા, પ્રાયમરી સ્કૂલ, મુ. વિરેન્દ્રગઢ,**



રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવેલ.

વિરેન્દ્રગઢ આશ્રમ શાળા આ બન્ને કેમ્પ બીજી વખત કરવામાં આવ્યા. આ કેમ્પના ૪૦૦ વિદ્યાર્થીઓ (બાળકો) લાભાર્થીઓ હતા.

પ્રથમ આ બન્ને કેમ્પમાં સ્કૂલોમાંથી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ તથા તેમની આંખોની તપાસ કરવમાં આવી તપાસ દરમિયાન જેમને ચશ્મા જરૂરી હતા. તેમને

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

નંબર વાળા ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા. ડોકટરો દ્વારા બાળકોને વધુ મોબાઈલ તથા ટી.વી. જોવાનું ટાળવું, નિયમિત રીડિંગ કરવાની સાચી રીત સ્વચ્છતા તથા આંખની કાળજી રાખવાની રીત વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

એનિમિયા અંતર્ગત લોહીની ઉણપ હિમોગ્લોબિન, કૃમિ કે લોહી વિકારની તપાસ કરવામાં આવી, જે બાળકોમાં હિમોગ્લોબિન ઓછુ જોવા મળ્યુ તેમને પાલક, મેથી, ચણા, ખજુર, ડ્રાયફુટ, અનાજ અને દાળ સાથે સાથે આર્યનની ટેબ્લેટ પણ આપવામાં આવી તથા આયર્ન સમૃધ્ધ આહાર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું, આ બન્ને કેમ્પથી આશ્રમ શાળાના બાળકોને ખૂબ ફાયદો થયો. ઘણાં બાળકોને પહેલીવાર પોતાની વાસ્તવિક સ્થિતિ વિશે જાણકારી મળી.

આ બન્ને કેમ્પ સફળ બનાવવામાં નિષ્ણાંત ડોકટર તથા તેમના સ્ટાફનો વિશેષ સહયોગ રહ્યો છે.




## Meeting - 16

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. નિતિન પટેલ
સુવિચાર : રો. ઉદય રાવલ
ગ્રીટીંગ્સ્ : રો. હર્ષ મહેતા
ફોરવે ટેસ્ટ : રો. નિતિન શાહ
એટેન્ડન્સ : રો. દિલિપ શાહ
તા. ૧૦-૧૨-૨૦૨૫, બુધવાર

લીલાપુર, વિરેન્દ્રગઢ તથા રાણાગઢ ખાતે યોજાયેલ મેડિકલ કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ.

સાયકલોથોન પ્રોજેકટના આયોજનની માહિતી રો. જયેશ પંચોલી તથા રો. વિપુલ સોની દ્વારા કરવામાં આવી હતી.

એસે (નિબંધ) સ્પર્ધા પ્રોજેકટની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## સાયકલોથોન પ્રોજેકટ

પ્રોજેકટ : સાયકલોથોન
પ્રોજેકટ ચેર : રો. ડો. હરપાલસિંહ વાઘેલા
તારીખ : ૧૪-૧૨-૨૦૨૫, રવિવાર
સ્થળ : ઘુઘરી પાર્ક, ૮૦ ફુટ રોડ, સુરેન્દ્રનગર

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા રોટરેકટ કલબ ઓફ સુરેન્દ્રનગર તથા સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આયોજિત સાયકલોથોનનું આયોજન રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સાત વર્ષ પછી ફરીથી કરવામાં આવ્યું.

સાયકલોથોનનો પ્રારંભ સુરેન્દ્રનગર મહા નગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર, ડો. નવનાથ ગવ્હાણે, શહેર ભાજન પ્રમુખ દેવાંગ શાહ, અગ્રણી વિરેન્દ્ર આચાર્ય નાયબ મ્યુનિસિપલ કમિશનર, અર્જુન ચાવડા તેમજ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. પ્રેસિડન્ટ હિરેન શાહ હસ્તે ફ્લેગ ઓફ કરીને સાયકલોથોનનો પ્રારંભ કરવામાં આવ્યો.

‘‘હર ઘર સ્વદેશી’’ થી આધારિત સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતી. આ સાયકલોથોનનો મુખ્ય હેતુ ફિટનેશ, પર્યાવર સંરક્ષણ, માર્ગ સુરક્ષા તથા સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે જન જાગૃતિ ફેલાવવાનો હતો.

૧૨ કિ.મી તથા ૨૪ કિ.મી. ના બે વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધા સવારના ૬-૦૦ વાગ્યે ઘુઘરી પાર્ક, ૮૦ ફુટ રોડ પર થી શરૂ થઈ હતી તેનો રૂટ ઘુઘરી પાર્ક થી ભકિતનંદન સર્કલ, એમ.પી.શાહ આર્ટ એન્ડ કોમર્સ કોલેજ તથા જીનતાન રોડ થઈ ફરી ઘુઘરી પાર્ક સુધીનો હતો. અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓના સભ્યો, યુવાનો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકોએ એમ કરીને કુલ ૪૫૦ લોકોએ ઉત્સાહપૂર્વક જોડાયને ભાગ લીધો હતો.

રજીસ્ટ્રેશન, ફલાયર્સ, સ્ટિકર્સ સાઈકલોથોન દરમિયાન સાઈકલ ચલાવતી વખતે તમામ ભાગ લેનારની સલામતી તથા સુવિધા રોટ્રકટ કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવી હતી.

પ્રોજેકટ ચેર રો. ડો. હરપાલસિંહ વાઘેલા, રો. વિપુલ સોની, રો. જયેશ પંચોલી દ્વારા કાર્યક્રમની તૈયારીના ભાગ રૂપે ખૂબ જ મહેનત કરવામાં આવી હતી. તથા રો દિલિપ શાહ દ્વારા સુંદર સ્ટેજ પરર્ફોમન્સ કરવામાં આવ્યું તથા કિર્તીસિંહ વેલોનાઈન (સાઈકલ એન્ડ ટોયઝ રૂપે સ્પોન્સરશીપ આપવામાં આવી હતી. આ સ્પોન્સરશીપ રો. સિધ્ધેશ મહેતા દ્વારા લેવામાં આવી હતી.

સાયકલોથોમાં ભાગ લેનાર દરેકને વાઈટ ટી શર્ટ, પાણીની બોટલ, એનર્જી પ્રિન્ટની બોટલ, વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી તથા આ નગરપાલિકા મ્યુનિસીપાલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવી હતી. મંડપ ડેકોરેશન તથા લાઈટ, ડી.જે.ની વ્યવસ્થા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વાર કરવામાં આવી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

બે કેટેગરીમાં વિજેતા રાખવામાં આવ્યા હતા. બનને કેટેગરીમાં પ્રથમ ઈનામ સાઈકલ, બે ફાસ્ટ ટ્રેકની સ્માર્ટ વોચ તથા બે મિલ્ટનની વોટર બોટલ તથા ભાગ લેનાર દરેકને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

સાઈકલથોન દ્વારા લોકને નિયમિત વ્યાયામ, સ્વસ્થ જીવનશૈલી અને પ્રદૂષણ મુકત વાહન તરીકે સાઈકલના ઉપયોગ વિષે પ્રેરણા મળી તથા સફળતા પૂર્વક સિદ્ધ થયો.

'હર ઘર સ્વદેશી' અભિયાન થીમ આધારિત સ્વદેશી 'સાયકલોથોન'નું આયોજન

## 12 અને 24 કિ.મીની સ્પર્ધામાં સાઈકલ ચાલકોમાં ભારે ઉત્સાહ : 400 લોકો જોડાયા

ભાસ્કર ન્યૂઝ|સુરેન્દ્રનગર



મહાનગરપાલિકા અને રોટરી એન્ડ રોટ્રેક્ટ ક્લબ ઓફ સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે 'હર ઘર સ્વદેશી' અભિયાનની થીમ આધારિત સ્વદેશી 'સાયકલોથોન' નું આયોજન ઘૂઘરી પાર્ક ખાતે કરાયું હતું. કાર્યક્રમ ફિટનેસ, પર્યાવરણ સુરક્ષા અને સ્વદેશી ઉત્પાદનોની જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયો.

સાયકલોથોનનો પ્રારંભ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડૉ.નવનાથ ગવ્હાણે, શહેર ભાજપ પ્રમુખ દેવાંગભાઈ શાહ, અગ્રણી વિરેન્દ્રભાઈ આચાર્ય, નાયબ મ્યુનિસિપલ કમિશનર અર્જુન ચાવડા તેમજ રોટરી એન્ડ રોટ્રેક્ટ ક્લબ ઓફ સુરેન્દ્રનગરના પ્રમુખ હિરેનભાઇ શાહના હસ્તે ફ્લેગ ઓફ કરીને કરવામાં આવ્યો. આ સાયકલોથોન સવારે 6 કલાકે ઘૂઘરી પાર્ક, 80 ફૂટ રોડ પરથી શરૂ થઈ હતી. રૂટ ઘૂઘરી પાર્કથી ભક્તિનંદન સર્કલ, એમ.પી. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને જનતા રોડ થઈને પરત ઘૂઘરી પાર્ક સુધીનો હતો.


12 કિ.મી. અને 24 કિ.મી.ના બે વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધા દરમિયાન સ્વદેશીના સંદેશા આપતા બેનરો અને સુત્રો સાથે સાઈકલ ચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળતા 400 લોકો જોડાયા હતા. આ આયોજનનો મુખ્ય હેતુ સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ તેમજ આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમ દ્વારા ફિટનેસ, પર્યાવરણ સુરક્ષા અને સ્વચ્છ જીવનશૈલીનો અસરકારક સંદેશ આપ્યો હતો.

તમામ સહભાગીઓને સર્ટિફિકેટ વિતરણ કરાયા હતા. વિજેતાઓને સાઈકલના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અગ્રણીઓ, સામાજિક સંસ્થાઓના સભ્યો, યુવાનો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સુરેન્દ્રનગરમાં સાયક્લોથોન યોજાઇ



સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગરમાં ફિટનેસ અને સ્વદેશી અભિયાન અંતર્ગત સ્વેદેશી સાયક્લોથીન યોજાઇ હતી. જેનો વઢવાણના ૮૦ ફૂટ રોડ પર આવેલા ઘૂઘરી પાર્ક ખાતેથી કરાયો હતો. સાયકલોથોનનો પ્રારંભ સુરેન્દ્રનગર મનપા કમિશનર સહિતના આગેવાનો દ્વારા ફ્લેગ ઓફ કરીને પ્રારંભ કરાયો છે. ૧૨ કિ.મી. અને ૨૪ કિ.મીના બે વિભાગમાં સ્પર્ધા યોજાઇ હતી. અને વિજેતાઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.














## Meeting - 17

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. નિતિન પટેલ
સુવિચાર : રો. ડો. નથવાણી
ગ્રીટીંગ્સ્ : રો. કમલેશ રાવલ
ફોરવે ટેસ્ટ : રો. રશ્મીન મહેતા
એટેન્ડન્સ : રો. કે. એન. પટેલ
તા. ૧૭-૧૨-૨૦૨૫, બુધવાર

આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ લખતર ખાતે કરવામાં આવ્યો તેનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

સાયકલોનનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

“સેવ ધ એન્વાયરમેન્ટ સેવ ધ કન્ટ્રી” ની થિમ આધારિત નિબંધ સ્પર્ધાની માહિતી રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપાવમાં આવી હતી.

ખોડુ ગામ ખાતે સાયન્સ ફેર પ્રોજેકટની માહિતી. રો. પિનલ દેકેવાડિયા દ્વારા આપવામાં આવી. રસોઈ સ્પર્ધા પ્રોજેકટની માહિતી બીના ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.

## એસે (નિબંધ) કોમ્પીટીશન

**પ્રોજેકટ : એસે (નિબંધ) કોમ્પીટીશન**
**પ્રોજેકટ ચેર : રો. પિનલ દેકેવાડિયા**

**તારીખ : ૧૮-૧૨-૨૦૨૫, ગુરૂવાર**
**સ્થળ : રોટરી હોલ, સુરેન્દ્રનગર**

એસે (નિબંધ) સ્પર્ધા ફર્સ્ટ લેડી તોરલ શાહ, હેમાલી દફતરી પ્રોજેકટ ચેર રો. પિનલ દેકેવાડિયા, બીના ચૌધરી દ્વારા દિપ પ્રાગટયથી શરૂઆત કરવામાં આવી હતી.

“સેવ ધ એન્વાયરમેન્ટ સેવ ધ કન્ટ્રી” ની થિમ આધારિત એસે (નિબંધ) સ્પર્ધા રોટરી હોલ ખાતે રાખવામાં આવી હતી. વર્ગ (ધોરણ) ૬/૭ તથા ૮/૯ એમ બે કેટેગરીમાં લેવાય હતી.

સુરેન્દ્રનગરની વિવિધ શાળામાંથી ૭૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા એસે (નિબંધ) સ્પર્ધામાં ૪૫ મિનિટનો વિદ્યાર્થીઓને ટાઈમ આપવામાં આવ્યો હતો. નિર્ધારિત સમય સર્યાદામાં વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે પોતાની વિચાર શકિત તથા લેખન કૌશલ્યનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

એસે (નિબંધ) સ્પર્ધાની બંને કેટેગરીનાં સંજ્ઞા આચાર્ય, સ્નેહા ખંધાર, રન્ના ઠાકર, નિમેષ ડોડીયા દ્વારા નિબંધ સ્પર્ધાના પેપરો તપાસવામાં આવ્યા હતા. મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન નિર્ણાયકોની મહેનત અને માર્ગદર્શન પ્રશંસનીય રહ્યું હતું.

એસે (નિબંધ) સ્પર્ધાની બંને કેટેગરીમાં પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી તેમજ ગીફટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તથા બન્ને કેટેગરીમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. જેથી તેઓને વધુ પ્રોત્સાહન મળે તથા સ્પર્ધાના નિર્ણાયકોને પણ તેમની મહેનત અને સહકાર બદલ ગિફટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. એસે (નિબંધ) સ્પર્ધા પૂર્ણ થયા બાદ તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ રોટેરિયન મિત્રોએ નાસ્તો તથા કોલ્ડ્રીંકસની ફેલોશીપ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા આપવામાં આવી હતી. રજીસ્ટ્રેશન, સર્ટિફિકેટની ડિઝાઈન, ટ્રોફીની ડિઝાઈન, નિબંધ સ્પર્ધાની થીમ પ્રો. ચેર. પિનલ દેકેવાડિયા દ્વારા નક્કી કરવામાં આવી હતી. આયોજન, સંકલન, માર્ગદર્શનના પરિણામે નિબંધ સ્પર્ધા અત્યંત સફળ રહી હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555












દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 23-12-2025
રિપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

**સુરેન્દ્રનગરની નિબંધ સ્પર્ધામાં 72 વિદ્યાર્થીએ ભાગ લીધો**

**સુરેન્દ્રનગર ભાસ્કર ।** રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન રોટરી હોલ ખાતે કરાયુ હતુ. જેમાં વિવિધ સ્કૂલના 72 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઈંગ્લીશ અને ગુજરાતી બંને ભાષાઓમાં નિબંધ સ્પર્ધા રાખી હતી. બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામ તથા સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ

**પ્રોજેક્ટ : આઈ ચેક અપ કેમ્પ અને એનિમિયા કેમ્પ** **તારીખ : ૨૦-૧૨-૨૦૨૫**
**સ્થળ : એચ. આર. ગાંધી પ્રાથમિક શાળા, માળોદ**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટ ફેમિલી ટ્રસ્ટ (ધરમપુર) વિઝન કેર તથા સી.યુ.શાહ મેડિકલ કોલેજના સંયુકત ઉપક્રમે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરવામાં આવેલ.

આ બન્ને કેમ્પ નિષ્ણાંત ડોકટરો તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવે છે.

એચ. આર. ગાંધી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ તથા માળોદ ગામના રહેવાસીઓ એમ કરીને બન્ને કેમ્પના ૪૦૦ લાભાર્થીઓ હતા. આંખોની સંપૂંણ તપાસ કરવામાં આવી હતી. જેમને નંબર હોવાનું નિદાન થયું તેમને નંબરવાળા ચશ્મા ફ્રી માં આપવામાં આવ્યા તથા આંખની જાળવણી માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

એનિમિયા કેમ્પ અંતર્ગત લોહીની ઉણપ હિમોગ્લોબિન કૃમિ કે લોહી વિકારની તપાસ કરવામાં આવી જેમને હિમોગ્લોબિન ઓછુ હતુ તેમને આર્યન ટેબલેટ તથા ફોલિક એસિડ તથા યોગ્ય આહારની સુચનાઓ આપવામાં આવી હતી.

આ બન્ને કેમ્પ ખૂબજ લાભદાયી સાબિત થયા તેમજ આરોગ્ય પ્રત્યે સકારાત્મક જાગૃતિ ઉભી કરી.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## સાયન્સ ફેર

**પ્રોજેક્ટ : સાયન્સ ફેર** **તારીખ : ૨૨-૧૨-૨૦૨૫**
**પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા** **સ્થળ : ખોડુ કન્યા શાળા**

પી. એમ. શ્રી ખોડુ કન્યાશાળામાં સાયન્સ ફેરનું સફળ આયોજન કરવામાં આવ્યું આ સાયન્સ ફેરમાં શાળાના વિવિધ ધોરણના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રો. પ્રેસિડન્ટ હિરન શાહ તથા રોટેરિયન મિત્રોને આચાર્ય શ્રી દ્વારા મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ વિજ્ઞાનના વિવિધ વિષયો આધારિત પ્રોજેક્ટ, મોડલ અને ચાર્ટ રજુ કર્યા હતા. તેમા પર્યાવરણ સંરક્ષણ પાણીની બચત, નવિનીકરણ ઉર્જા આરોગ્ય, ટેકનોલોજી તથા દૈનિક જીવનના વિજ્ઞાનના ઉપયોગ સંબધિત મોડલ ખાસ આકર્ષ રહ્યા હતા. ખોડુ કન્યા શાળાનામાં પ્રિન્સિપાલ, રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા સાયન્સ ફેરના વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવામાં આવ્યુ હતું. રો. રૂતા સોની દ્વારા સાયન્સને લગતા પ્રેરક સુચનો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. લંચ બોકસ, ડોમ્સની શૈક્ષણિક કિટ તથા બિસ્કીટ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા દરેક વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા.



### ખોડુ કન્યા શાળામાં સાયન્સ ફેરમાં શાળાની 100 દીકરીઓએ ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ|સુરેન્દ્રનગર

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા તા. 21 ડિસેમ્બર 2025ના રોજ સુરેન્દ્રનગરથી અંદાજે 22 કિલોમીટર દૂર આવેલા ખોડુ ગામ ખાતે સ્થિત ખોડુ કન્યાશાળામાં એક ભવ્ય સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયન્સ ફેરમાં શાળાની 100 જેટલી દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય દીકરીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી વિકસાવવાનો તેમજ તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો હતો.

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ભાગ લેનારી તમામ દીકરીઓને પ્રોત્સાહન રૂપે ઈનામો આપવામાં આવ્યા હતા. તેમજ શાળાની તમામ ભણતી દીકરીઓને ગિફ્ટ્સ તથા નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગરના પ્રમુખ રોટેરિયન હિરેનભાઈ શાહ સાથે રોટરી મેમ્બર્સ ઋતાબેન સોની, પીનલબેન દેકેવાડિયા તથા તોરલબેન શાહએ હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી તેમની રચનાત્મકતા અને મહેનતને બિરદાવતાં બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રકારના શૈક્ષણિક અને પ્રોત્સાહક કાર્યક્રમો દ્વારા રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર સમાજમાં શિક્ષણના વિકાસ માટે સતત કાર્યરત છે.

## Meeting - 18

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : અમિતા પટેલ** **ફોરવે ટેસ્ટ : રો. ક્રિષ્ના સોલંકી**
**સુવિચાર : મેધાવિની રાવલ** **એટેન્ડન્સ : ઉષા સેજપાલ**
**ગ્રીટીંગ્સ્ : રો. કલ્પના મહેતા** **તા. ૨૪-૧૨-૨૦૨૫, બુધવાર**

માળોદ ખાતે આઈ ચેક અપ કેમ્પ તથા એનિમિયા કેમ્પ કરેલ તેનો અહેવાલ રો. પ્રિસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

રો. પ્રેસિડન્ટ હિરેનશાહ દ્વારા એસે (નિબંધ) સ્પર્ધા કોમ્પિટીશનનો અહેવાલ આપવામાં આવ્યો હતો.

ખોડુ કન્યા શાળા ખાતે સાયન્સ ફેર કરવામાં આવ્યો હતો તેનો અહેવાલ રો. રૂતા સોની દ્વારા આપાવમાં આવ્યો. બોર્ડ મીટીંગની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપાવમાં આવી.

રોટરી સ્વાદ રસોઈ સ્પર્ધાને સફળ અને સુવ્યવસ્થિત બનાવવા માટે બીના ચૌધરી દ્વારા માર્ગદર્શન આપવામાં આવચું હતું.

## રોટરી સ્વાદ રસોઈ સ્પર્ધા

**પ્રોજેક્ટ : રોટરી સ્વાદ રસોઈ સ્પર્ધા** **તારીખ : ૨૮-૧૨-૨૦૨૫**
**પ્રોજેક્ટ ચેર : બીના ચૌધરી** **સ્થળ : રોટરી હોલ**

પ્રોજેક્ટ ચેર બીના ચૌધરી, ક્રિષ્ના કોટેચા, હેમા મહેતા તથા અલકા હાલાણી દ્વારા દિપ પ્રાગટય કરી પ્રોજેક્ટ શુભ શરૂઆત કરવામાં આવી હતી તથા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યુ હતું તથા અલકા હાલાણી દ્વારા જાતે બનાવવામાં આવેલ સ્વાદિષ્ય કેક લાવવામાં આવી હતી . આ કેકનું કટિંગ કરી તમામ ઉપસ્થિત સભ્યો તથા મહેમાનોને પ્રેમ પૂર્વક વિતરણ કરવામાં આવી હતી.



થીમ -૧ : ગુજરાતી ડિશનું આધુનિક રૂપ, થીમ - ૨ : વિન્ટર સ્પેશ્યલ વેજિટેબલ સાથેના નાસ્તા આ બન્ને થીમ ઉપરની સ્પર્ધા પ્રોજેક્ટ ચેર બીના ચૌધરી દ્વારા નક્કી કરવમાં આવી હતી. આ બન્ને થીમના આધારે ભાગ લેનાર સ્પર્ધકોએ ઘરેથી વાનગીઓ બનાવીને લાવવાની હતી. ભાગ લેનાર દરેક સ્પર્ધકોએ પોતાની વાનગીઓનું ડેકોરેશન કાર્ય સ્થળ પર જ કરવાની તક આપી હતી જેથી તેમની સર્જનાત્મકતા અને રજુઆતની કુશળતા સ્પષ્ટ રીતે દેખાઈ આવી હતી. આ સ્પર્ધામાં ૩૨ પ્રતિભા શાળીઓએ ભાગ લીધો હતો.

પ્રતિષ્ઠિત ક્રિષ્ના કોટેચા તથા હેમા મહેતા આ બન્ને જજોને અલકા હાલાણી દ્વારા આમત્રંણ આપવામાં આવ્યું હતું, આ બન્ને જજોએ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



““રોટરી સ્વાદ રસોઈ સ્પર્ધા ’’નું અવલોકન કર્યું હતું, સ્પર્ધામાં ડેકોરેશન, વિવિધતા તથા નવીન સ્વાદ જોવા મળ્યા હતા તથા બન્ને થીમ પર પ્રથમ, દ્વીતીય, તૃતીય રેન્ક આપવામાં આવ્યો હતો. દરેક પાર્ટીશીપેન્ટે ખુબ સરસ વાનગી બનાવીને પ્રદર્શિત કરી હતી તથા દરેક પાટીશીપેન્ટને સરપ્રાઈઝ ગીફ્ટ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગુગલ ફોર્મ તથા સર્ટીફિકેટની ડિઝાઈન રો. પિનલ દેકેવાડિયા દ્વારા કરવામાં આવી હતી. ક્રિષ્ના કોટેચા દ્વારા રસોઈને લગતી જરૂરી માહિતી આપવમાં આવી હતી તથા યોગ્ય માર્ગદશન આપવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ પબ્લિક ઈમેજ તરીકે ખુબ જ સફળ રહ્યો તથા ““રોટરી સ્વાદ રસોઈ સ્પર્ધા’’ સૌ માટે એક યાદગાર અને પ્રેરણાદાયક અનુભવ બની રહી સ્પર્ધાનો મુખ્ય હેતુ રસોઈની કળાને પ્રોત્સાહન આપવાનો તથા સભ્યોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવાનો હતો.

તમામ પાર્ટિસિપેન્ટસ, આમંત્રિત મહેમાનો ઉપસ્થિત સૌને પ્રોજેક્ટ પૂર્ણ થતા ભેળ, ચા, કોફીની સુંદર મજાની રોટરી કલબ સુરેન્દ્રનગર દ્વારા ફેલોશીપ આપવામાં આવી હતી.







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## અન્નપૂર્ણા

**પ્રોજેક્ટ : અન્નપૂર્ણા**
**ડોનર : રો. અલ્પેશ સોની (શુભમ જ્વેલર્સ)**

**તારીખ : ૩૦-૧૨-૨૦૨૫**
**સ્થળ : જીવન સ્મૃતિ મંદ બુધ્ધિ સ્કૂલ, વઢવાણ**

જીવન સ્મૃતિ શાળામાં ‘‘અન્નપૂર્ણા’’ પ્રજેક્ટ કરવામાં આવ્યો. મંદબુધ્ધિના બાળકો પોતાના વિચારો અને લાગણી સભર, વિચાર સરણી દ્વારા ખૂબ જ સરસ અને સકારાત્મક પ્રવૃત્તિઓ કરે છે તેમની અંદર ક્ષમતાઓ અને આનંદને ઉજાગર કરવા તેમજ તેમને સહારો અને પ્રોત્સાહન આપવા માટે ‘‘અન્નપૂર્ણા’’ પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. બાળકોને પુરી, શાક, દાળ, ભાત, કટલેસ તથા દુધીનો હલવો પોષ્ટિક આહાર આપવામાં આવેલ બાળકોના ચહેરા પર દેખાતી ખુશી અને સંતોષ આ પ્રોજેક્ટની સફળતાનું સાચુ પ્રમાણ હતું.

જીવનસ્મૃતિના સંચાલકો દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેમના બાળકો કલર પેઈન્ટીંગ પીછીની જરૂર છે તે રો. નિતિન પટેલ દ્વારા આપવામાં આવી હતી.








## Every Day Science Day

‘‘એવરી ડે સાયન્સ ડે’’ ટીચર્સ ટ્રેનિંગ અંર્તગ્ત રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ૫૫ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી તાલીમ બાદ એક્ટિવિટી વિડીયો અપલોડ કરવામાં આવ્યા જેના આધારે આઠ જિલ્લાઓમાં આપવામાં આવેલી તાલીમનું ઈ-વેલ્યુએશન કરીને ટોપ ૧૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી ડિસ્ટ્રીક (૩૦૬૦) સુરત ખાતે યોજાયેલા સાયન્સ સેન્ટરમાં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના ત્રણ ટીચર્સની પસંદગી થઈ તેમાંથી પ્રથમ રેન્ક તથા દ્વિતીય રેન્ક રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર હતા બંને ટીચર્સોને ખૂબ ખૂબ અભિનંદન !!!






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555
ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

**REWARDS & RECOGNITION**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## TOP 5 CLUBS IN MEMBERSHIP GROWTH AS PER ROTARY.ORG - NOV 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | Shindkheda | Sudhir Shimpi | Amardeep Girase | Pritish Bangad |
| 2 | Dhule Crossroad | Dinesh Kuwar | Heramb Date | Rohit Agarwal |
| 3 | Chotti Kashi Jamnagar | Vatsal Khimasiya | Chetan Bakrania | Lalit Joshi |
| 4 | Tarsadi Kosamba | Arjunsinh Rana | Gajendrasinh Devdhara | Jignesh Patel |
| 5 | Rajkot Metro | Sanjaybhai Nimavat | Mukesh Hirpara | Mittal Patel |

## TOP CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - NOV 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 1 | BHAVNAGAR ROYAL | Dr Shakeel Chauhan | Nirav Doshi | Jatin Bhayani |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | CHIKHLI RIVERFRONT | Sanjay Patel | Dr.Chirag Desai | Gautam Bhavsar |
| 4 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |
| 5 | TAPI SURAT | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 6 | WADHWAN METRO | Pranav Mehta | Umang Shah | Sandeep Gandhi |
| 7 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 8 | BARODA SAYAJINAGARI | Kashyap Shah | Sanyogita Pradhan | Dr. Maulesh Dholakia |
| 8 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 9 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Dipesh Shah |
| 10 | RAJKOT GREATER | Jaydev Shah | Anup Joshi | Sandeep Gandhi |
| 10 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 10 | DADRA & NAGAR HAVELI | Viral Rajput | Debjyoti Das | Swati Shah |
| 10 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ડિસ્ટ્રિક ૩૦૬૦ અંતર્ગત નવેમ્બર (૨૦૨૫) માં કોમ્યુનિટી સર્વિસ પ્રોજેકટ માં ટોપ ૧૦ માંથી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે રોટેરિયન પ્રેસિડેન્ટ હિરેન શાહ સેક્રેટરી જીતેશ દફતરી તથા કલબના દરેક સભ્યોને ખૂબ ખૂબ અભિનંદ.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



**REWARDS & RECOGNITION**

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

## TOP CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - NOV 2025

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 2 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 2 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |
| 3 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Shah | Himanshu Jagani |
| 3 | BHAVNAGAR | Kaushal Sheth | Mahipalsinh Rana | Himanshu Jagani |
| 4 | TAPI SURAT | Dipak Bhatt | CA Parth Shah | Bankim Vashi |
| 4 | SURAT EAST | Kirit Vankadi | Hitesh Vekariya | Sandeep Nanavati |
| 4 | HALVAD | Gajendra Moradia | Pratik Pathak | Dr. Ashvin Gadhvi |
| 4 | GANDEVI | Shaileshbhai Vashi | Parul Naik | Gautam Bhavsar |
| 4 | DHULIA | Vilas Kothawade | Sameer Bahalkar | Sandeep Girase |
| 4 | BHARUCH | Bhavesh Hariyani | Akshar Mehta | Brijesh Parikh |
| 5 | VAPI PHOENIX | Sudha Prajapati | Anju Garg | Samir Modasia |
| 5 | VAPI | Parag Vora | Sagar Dewani | Swati Shah |
| 5 | SURAT DIAMOND CITY | Dharmesh Lakkad | Dhiraj Dobaria | Kshitiz Desai |
| 5 | MORVI | Amit Patel | Huzaifa Lakdawala | Lalit Joshi |
| 5 | MAHEMADABAD | Pareshkumar Sheth | Manoj Gohel | Ravinder Singh Sarna |
| 5 | AMRELI GIR | Trilok Bhatt | Nirav Zinzuvadia | Girish Thakkar |

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ડિસ્ટ્રિક ૩૦૬૦ અંતર્ગત નવેમ્બર (૨૦૨૫) માં પબ્લીક ઈમેઝ પ્રોજેકટ માં ટોપ ૧૦ માંથી પ્રથમ ક્રમ મેળવેલ છે રોટેરિયન પ્રેસિડેન્ટ હિરેન શાહ સેક્રેટરી જીતેશ દફતરી તથા કલબના દરેક સભ્યોને હાર્દિક અભિનંદ.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## FELLOWSHIP

તા. ૩૧-૧૨-૨૦૨૫ ના રોજ ન્યુયર પાર્ટી જીતેન્દ્ર રાઠોડના સાનિધ્ય ફાર્મ હાઉસમાં રાખવામાં આવી હતી રોટેરીયન ડોકટર સિદ્ધશ વોરા તથા ડોકટર અમી વોરા દ્વારા નવા કોન્સેપ્ટસાથે નાના મોટા દરેકને હેપ્પી ન્યુ યરની હાઉસી રમાડવામાં આવી હતી જેમાં બધાએ ખૂબ જ આનંદ માણ્યો હતો રોટેરીયન દિલીપ શાહ દ્વારા શરૂઆતથી અંત સુધી સ્ટેજ પરફોર્મન્સ દ્વારા ખૂબ મજા કરાવીને હસાવ્યા હતા સરફરાજ પ્રખ્યાત સિંગર દ્વારા પસંદ કરાયેલા નવા તથા જુના ગીતોની મધુર રજુઆતથી સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું હતું ડાન્સ પાર્ટી તથા ગરબા બધાએ સાથે મળીને ખૂબ જ મજા કરી આ ફેલોશીપ રો. ધ્વનિજ પાટડીયા તથા રિદ્ધિ પાટડીયા, રો. પારસ સોલંકી તથા રો. ક્રિષ્ના સોલંકી દ્વારા આપવામાં આવી હતી નવા વર્ષની શરૂઆત આનંદ અને ઉત્સાહ ભર્યા માહોલમાં કરવામાં આવી હતી.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555








## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 1 | Dec. | Rtn. | Khyati & Sohan Gadani | W. A. |
| 1 | Dec. | Ann. | Daksha Rakesh Shah | B. D. |
| 2 | Dec. | Rtn. | Raxa Nitin Shah | B. D. |
| 3 | Dec. | Rtn. | Siddhesh P. Mehta | B. D. |
| 4 | Dec. | Rtn. | Jaydeep & Kinjal Mathrotiya | W. A. |
| 4 | Dec. | Rtn. | Bhavesh & Manisha Parmar | W. A. |
| 5 | Dec. | Spo. | Mittal Rakesh Shah | B. D. |
| 6 | Dec. | Rtn. | Dr. Bipin & Dr. Vipula Shah | W. A. |
| 6 | Dec. | Ann. | Devansh Mukesh Chaudhari | B. D. |
| 7 | Dec. | Rtn. | Dilip & Arti Shah | W. A. |
| 8 | Dec. | Ann. | Kalp Dhanesh Vakhariya | B. D. |
| 10 | Dec. | Rtn. | Jayesh & Swatiben Meniya | W. A. |
| 10 | Dec. | Rtn. | Rashmin & Bhavna Mehta | W. A. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

| | | | | |
|---|---|---|---|---|
| 10 | Dec. | Rtn. | Kamlesh & Rajeshwari Raval | W. A. |
| 11 | Dec. | Rtn. | Dr. Primal & Dr. Mamta Doshi | W. A. |
| 12 | Dec. | Ann. | Arnav Jenil Mehta | B. D. |
| 13 | Dec. | Rtn. | Dinesh & Smitaben Shah | W. A. |
| 13 | Dec. | Spo. | Jyotsna N. Nathwani | B. D. |
| 14 | Dec. | Rtn. | Dr. Dinesh & Chhaya Jani | W. A. |
| 14 | Dec. | Ann. | Reema Jagdish Halani | B. D. |
| 14 | Dec. | Rtn. | Kalpesh & Jagruti Goswami | W. A. |
| 14 | Dec. | Ann. | Naresh Kela & Nisha Kela | W. A. |
| 14 | Dec. | Rtn. | Dhanesh & Nehal Vakhariya | W. A. |
| 15 | Dec. | Ann. | Brinda Nilesh Pancholi | B. D. |
| 15 | Dec. | Ann. | Jiya Hiren Nagar | B. D. |
| 15 | Dec. | Ann. | Jaynam Jitendra Rathod | B. D. |
| 16 | Dec. | Rtn. | Alpesh Soni | B. D. |
| 16 | Dec. | Rtn. | Ashok Shah | B. D. |
| 16 | Dec. | Rtn. | Chiragbhai Shah | B. D. |
| 16 | Dec. | Rtn. | Jaydeep Mathrotiya | B. D. |
| 16 | Dec. | Ann. | Drashti Mayurbhai Raval | B. D. |
| 17 | Dec. | Rtn. | Jiteshbhai Daftari | B. D. |
| 17 | Dec. | Ann. | Freny Mukesh Chaudhari | B. D. |
| 22 | Dec. | Spo. | Ushaben Dipakbhai Sejpal | B. D. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




| | | | | |
|---|---|---|---|---|
| 24 | Dec. | Spo. | Aartiben Dilipbhai Shah | B. D. |
| 25 | Dec. | Rtn. | Rashmin Mehta | B. D. |
| 27 | Dec. | Ann. | Setul Ashokbhai Shah | B. D. |
| 29 | Dec. | Rtn | Bhaveshbhai Parmar | B. D. |
| 30 | Dec. | Spo. | Madhuben V. Satani | B. D. |
| 30 | Dec. | Rtn. | Anitaben Dipakbhai Gurjar | B. D. |
| 30 | Dec. | Ann. | Vandita Bhavin Gohil | B. D. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL

CUSTOM TAILORING BY *IDEAL*
Readymade
Suits | Jodhpuri | Koti
Shirts | Formal Pants
Jeans | Cottons T-Shirts
Raymond
OCM
Reid & Taylor
DIGJAM

Compay Authorised Retail dealer
ideal
Ideal House, Jawahar Road, Surendranagar. M. 96242 06000 - 84900 55555

## CLUB CONTACTS

**PRESIDENT**
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

**SECRETARY**
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

**BULLETIN EDITOR**
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar
MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001